(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર શહેરની જાણીતી શૈક્ષણીક સંસ્થા વિદ્યામંદિરના ધોરણ. ૧૨ના બાયોલોજીના વિદ્યાર્થીઓએ પોતાને ભણાવવામાં આવી રહેલા નીટના અભ્યાસક્રમનો વિરોધ કરી શાળામાંથી એક સાથે છ જેટલા શિક્ષકોએ આપેલા રાજીનામાના મુદ્દે આજરોજ વિદ્યાર્થીઓએ અભ્યાસક્રમથી અળગા રહી પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો. તાજેતરમાં વિદ્યામંદિર શા ળાના ૬ જેટલા નામના ધરાવતા શિક્ષકોએ એક સાથે પોતાના રાજીનામા ધરી દેતા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ચિંતીત બન્યા છે ત્યારે ધોરણ. ૧૨માં બાયોલોજીમાં વિદ્યાર્થીઓને હાલમાં ચાલુ અભ્યાસ ક્રમ ન ભણાવતા નીટના અભ્યાસક્રમ ભણાવવામાં આવતા આજરોજ ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ કલાસથી અલગા રહ્યા હતા. અને ગુજરાતી અને ગુજકેટના અભ્યાસક્રમના વિષય ઉપર ભણાવવાની માંગ કરી હતી. જ્યારે બીજી બાજુ વિદ્યામંદિર ટ્રસ્ટના નિયામક હસમુખભાઈ મોદીએ જણાવ્યું હતું કે અમારી સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓને સમય સાથે બદલાતુ શિક્ષણ આપવા માગીએ છીએ. તેમજ સંસ્થામાંથી ૬ શિક્ષકોએ રાજીનામા આપ્યા છે. પરંતુ તેઓ તા. ૩૧-૧૦-૨૦૧૩ સુધી પોતાની ફરજ બજાવશે અને શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ મુજબનું શિક્ષણ આપવામાં આવી રહ્યું છે.

ઉમરેઠ તાલુકાની હેમરાજપુરા પ્રાથમિક શાળામાં સંડાસ - બાથરૂમ બનાવવામાં કટકી થયાની બૂમરાણ

શાળા ચેકીંગ દરમ્યાન એકસપાયરી ડેટની દવાઓ મળતા શિક્ષણ તેમજ બાંધકામ કમીટીના ચેરમેનો ચોંકી ઉઠ્યા

ઉમરેઠ, તા. ૨

રાજય સરકાર પ્રાથમીક શિક્ષણનું સ્તર ઉંચુ લાવવા ભગીરથ પ્રયાસ કરી રહેલ છે. ગ્રામીણ વિસ્તારમાં રહેતા ગરીબ અને શ્રમીક પરીવારોના બાળકો શિક્ષણથી વંચીત ન રહે તેમજ શાળા પ્રવેશ બાદ બાળકો શિક્ષણ કાર્ય છોડી ન દે તે માટે રાજય સરકારે મહત્વની યોજનાઓ અમલમાં મૂકી કરોડો રૂા.ની ગ્રાંન્ટ ફાળવવાનું શરૂ કરતા તેનો સદ્‌ઉપયોગ થવાની સાથે વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર થતો હોવાનું જણાઈ રહયુ છે.શાળામાં બનતા નવા ઓરડા,લેબ,કોમ્પ્યુટર ઓરડો કે સેનીટેશનના બાંધકામમાં તથા બાળકોની સુરક્ષા હેતુ દવાની ખરીદીમાં ભ્રષ્ટાચારનો સડો ફેલાતા વાલી જગત તેમજ શિક્ષણવિદો ચીંતીત બન્યા છે.સંડાસ બનાવવામાં પણ શિક્ષકો નાણાની કટકી કરે તે બાબત ભારે શરમજનક ગણાઈ રહી છે.

ઉમરેઠ તાલુકાના હેમરાજપુરા ગામની પ્રાથમીક શાળામાં રાજયના શિક્ષણ વિભાગ ધ્વારા સેનીટેશનના બાંધકામ માટે ૧.૩૯ લાખ ગ્રાંન્ટ ફાળવી હતી. શાળાની એસએમસી કમીટીની નિગરાણીમાં મહીલા અને પુરૂષ માટે અલગઅલગ એક સંડાસ અને ત્રણ મૂતરડી બાંધવી જોઈતી હતી.તેમજ સ્વરોજગારનો હેતુ સ્થાનીક કડીયા પાસે કામ કરાવાનું હોય છે.તેના બદલે આચાર્યે બારોબાર કોન્ટ્રાકટર ધ્વારા કામ કરાવતા અને શાળાની જુની વરંડાની દિવાલ સદર બાંધકામમાં ઉપયોગમાં લઈ માત્ર બે નાની ઓરડીઓ બનાવી દઈ બાકીની રકમ કટકી કર્યાની વ્યાપક ફરીઆદ ઉઠી હતી,તેમજ સાફસફાઈના સાધનો એટલે કે સાવરણી વિ.ખરીદવા સરકાર ગ્રાંન્ટ ફાળવતી હોવા છતાં તેમજ બાળકો જોડે સફાઈ કામ નહી કરાવવાની તંત્રની ખાસ હીદાયત છતાં બાળકોના કુમળમ હાથથી સફાઈ કામ કરાવવાની તથા માલેતુજા શિક્ષકોના વાહનો ધોવાની ફરજ પાડવામાં આવતી હોવાની ફરીઆદ ઉમરેઠ તાલુકા ભાજપના ઉપપ્રમુખ અને સ્થાનીક રહેવાસી કાંતીભાઈ ઉકડે જીલ્લા કક્ષાએ રજુઆત કરતા આખરે તંત્ર ઉંઘમાંથી સફાળુ જાગ્યુ હતુ.

હેમરાજપુરા પ્રાથમીક શાળામાં શિક્ષણના નામે સરકારની મળતી વિવિધ ગ્રાંન્ટની રકમનો ભ્રષ્ટાચાર થતો હોવાની તેમજ શાળાના કુમળમ બાળકો પાસે ગેરકાયદેસર રીતે કામ કરાવાતુ હોવાની ફરીઆદો ગાંધીનગર સ્થિત પ્રા.શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રીમતી સંગીતા સિંહ સુધી તેમજ જીલ્લા પંચાયત શિક્ષણ તેમજ બાંધકામ વિભાગમાં પહોચતા શિક્ષણ સમીતીના ચેરમેન બીપીનભાઈ પટેલ તેમજ બાંધકામ કમીટીના ચેરમેન પિયુષભાઈ રાજે શાળાની ઓચિંતી મુલાકાત લેતા ઉઠેલી ફરીઆદોની સત્યતા જણાઈ આવી હોવાનું સમજાઈ રહયુ છે.પ્રથમ નજરે સેનીટેશનના બાંધકામમાં ગોલમાલ થયાનું તથા શાળાના આચાર્ય રશ્મિકાબેન પરમારને પુછાએલા એકપણ પ્રશ્નનો સંતોષકારક જવાબ આપી શકયા ન હતા તેમજ શાળાના જરૂરી દસ્તાવેનો પોતાના ઘરે રાખતા હોવાનું તેમજ તપાસ દરમ્યાન ફસ્ટએડની દવાઓ એકસપાયરી ડેટની મળી આવતા બંન્ને કમીટીના ચેરમેનો ચોંકી ઉઠ્યા હતા.અને આચાર્યને તમામ શાળા દફતર લઈ જીલ્લા પંચાયત મુકામે હાજર થવા આદેશ કર્યો હતો.બીજી તરફ શાળાના આચાર્ય સહિત ભ્રષ્ટાચારમાં સામેલ શિક્ષકોની તાત્કાલીક બદલી સહિત દંડનાત્મક કાર્યવાહી કરવાની ગ્રામજનોએ ઉગ્ર માગણી કરી હતી.

કેળવણી નિરીક્ષકે ઈન્સ્પેકશનના બદલામાં શિક્ષક દીઠ રૂા.૫૦૦ ઉઘરાવ્યાની વ્યાપક ફરીયાદો ગાંધીનગર સુધી પહોચી

ભિલોડામાં માસુમ બાળકને સર્પે દંશ દેતા કરૂણ મોત

ભિલોડા, તા.૪

સાબરકાંઠા જીલ્લાના ભિલોડામાં લલ્લુભગતની ચાલી સામે રહેતા માસુમ બાળકને ઝેરી સર્પે દંશ દેતા કરૂણ મોત નિપજતાં પરીવારજનો હૈયાફાટ રૂદન કરતા હતા. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. મગનલાલ નિનામાના જણાવ્યા મુજબ રાત્રે ૨:૩૦ વાગ્યાના સુમારે માસુમ બાળક પોતાના ઘરમાં ભરનિદ્રામાં સુતો હતો ત્યારે સર્પે માસુમ બાળકના પગની ટચલી આંગળી ઉપર દંશ દેતા માસુમ બાળકે બુમાબુમ કરી મુકતા પરીવારજનો તેમજ આજુ-બાજુના રહેવાસીઓ એકત્રીત થયા હતા.ભિલોડા કોટેજ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ ગયા હતા. હેતકુમાર કાન્તીલાલ રાઠોડ, ઉંમર વર્ષ-૮, રહે.ભિલોડા, મુળ રહેવાસી ઈસરવાડા, તા.ઈડરનું કરૂણ મોત નિપજતાં પરીવારજનો હૈયાફાટ રૂદન કરતા હતા. મરણ જાહેર કરનાર સ્નેહલબેન પાંડવ, ભિલોડા કોટેજ હોસ્પિટલ આ બનાવ અંગે ભિલોડા પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે સી.આર.પી.સી.કલમ ૧૭૪ મુજબ કમોત દાખલ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

૨૪ કલાક દરમિયાન ઈડરમાં બે ઈંચ વરસાદ

હિંમતનગર, તા.૫

ઈડર તાલુકામાં છેલ્લા ૨૪ કલાકમાં બે ઈંચ વરસાદ નોંધાયો હતો જયો સોથી ઓછો ૫ મી.મી. પ્રાંતિજમાં નોંધાયો હતો. જિલ્લામાં બાયડ ખાતે ૧૬ ભિલોડામાં ૧૧, ધનસુરામાં ૨૩, હિંમતનગરમાં ૧૪, ખેડબ્રહ્મામાં ૧૭, માલપુરમાં ૭, મેઘરજમાં ૨૮, મોડાસામાં ૧૧, તલોદમાં ૧૨, વડાલીમાં ૨૯ અને વિજયનગરમાં ૧૩ મી.મી. વરસાદ પડયો હતો જયારે જિલ્લાના તેર તાલુકામાં રવિવારે દિવસ દરમિયાન વરસાદના છુટા છવાયા ઝાપટા પડયા હોવાનું જાણવા મળ્યું હતું.

પ્રાંતિજ તાલુકાના તાજપુર હાઈસ્કુલમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા.૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના તાજપુર સાર્વજનિક હાઈસ્કુલમાં શનિવારના રોજ ગુજરાતના ૬૪મા વન મહોત્સવ નિમિત્તે શાળાના સંકુલમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં તાલુકા પ્રમુખ કાળુસિંહ ચૌહાણ, આર.એફ.ઓ. રબારી, નાયબ મામલતદાર મનુસિંહ મકવાણા, સરપંચ જસવંતસિંહ ડી.આઈ. પટેલ શાળા પ્રમુખ જયેશભાઈ તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

૬૪મા વન મહોત્સવ નિમિત્તે જુદા જુદા વૃક્ષોના રોપા શાળાના બાળકો અને આવનાર મહેમાનો દ્વારા રોપવામાં આવ્યા હતા અને આ દરમિયાન શાળાના સંચાલક દ્વારા આવેલ મહેમાનોનું સ્વાગત તથા પુષ્પહારથી સ્વાગતવિધિ યોજાઈ હતી. જયારે બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાયા હતા.

દશામાના વ્રત આડે અહે થોડા દીવસો બાકી રહ્યા છે ત્યારે ડીસા શહેરમાં વ્રત માટે ઉપયોગી દશામાંની મુર્તીઓ નું આગમત થઈ રહયુ છે. વ્રત કરનાર બહેનો અન્ય પુજાપાની સાથે દશામાની મુર્તીઓ ની ખરીદી પણ કરી રહી છે થોડા દિવસો બાદ ડીસા શહેર સહિત સમગ્ર જીલ્લામાં જય માં દશામાનો નાદ છવાઈ જશે.

ગઢડા શામળાજી ખાતે વન મહોત્સવ અંતર્ગત કાર્યક્રમ યોજાયો

ખેડબ્રહ્મા, તા.૪

ખેડબ્રહ્મા તાલુકાના ૬૪મા વન મહોત્સવની ઉજવણીનો કાર્યક્રમ શનિવારના રોજ ગઢડા શામળાજી મંદિર ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમના પ્રમુખ સ્થાને તાલુકા પંચાયતના પ્રમુખ ભોજાભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વિનોદભાઈ એફ. પટેલ-રમણલાલ પી. પટેલ-ગઢડા શામળાજી સરપંચ જાલમસિંહ ચૌહાણ, ગંગારામ એમ. મિસ્ત્રી સહીત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. તાલુકા પંચાયતના પ્રમુખ ભોજાભાઈ મકવાણા, પ્રાંત અધિકારી આર.આર. ઠક્કર તથા મામલદાર એચ.એન. મોદીના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ૬૪મા વન મહોત્સવ અંતર્ગત ખેડબ્રહ્મા તાલુકામાં વિવિધ ખાતા તથા સંસ્થાઓને ૫૦૦૦૦ રોપાઓની ફાળવણી કરવામાં આવી હતી. જેની સામે ૬૨૮૦૦ રોપાઓનું વિતરણ થયું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિસ્તરણ રેન્જ ખેડબ્રહ્માના પરિક્ષેત્ર વન અધિકારી એસ.સી.સુથારે કર્યું હતું.

પ્રાંતિજના જીવણપુરમાંથી ૩૧૮૦૦ના વિદેશી દારૂ સાથે એકની ધરપકડ

પ્રાંતિજ, તા.૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના જીવણપુરા ગામે એક ઈસમે પોતાના રહેણાંક વિસ્તારમાં વગર પાસ પરમીટનો વિદેશી દારૂ રૂ. ૩૧,૮૦૦ સાથે પોલીસે ઝડપી પાડ્યો છે.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ.ડી. જાડેજા તથા ડી સ્ટાફ સાથે શુક્રવારે મોડી સાંજે એક બાતમીના આધારે જીવણપુરમાં આવેલ વિજયસિંહ કાળુસિંહ પરમારના રહેઠાણ વિસ્તારમાં આવેલ મકાનમાંથી વિદેશી દારૂ બોટલ નં. ૬૬, ૧૯૮૦૦ની તેમજ બીયર ટીન ૧૨૦ નંગ રૂપિયા ૧૨૦૦૦ મળી કુલ ૩૧૮૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી આ અંગે એ.એસ.આઈ. સાંકાભાઈએ આરોપી વિરૂદ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

તલોદમાં તળાવ લીકેજ અને બ્રીજ ધોવાતા તંત્ર દોડતું થયું

૧૫ ગામોને એલર્ટ કરાયા : ધોવાણ અટકાવવા કામગીરી હાથ ધરી

હિંમતનગર, તા.૪

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં વરસેલ વરસાદને કારણે શુક્રવારે રાત્રિના ૯ વાગેના સમયે તલોદ તાલુકાના ટીંબા ગામે આવેલ ૯૫૦ એકરમાં નાની સિંચાઈ યોજનાનું તળાવ સામેલ છે. જે તળાવમાં વરસાદને કારણે પાણી ભરાઈ ગયેલ હતું.

આ તળાવના વેસ્ટ વિયરની બાજુમાં જ લીકેજીંગના સમાચાર જિલ્લા ડીઝાસ્ટર કચેરીને મળતાની સાથે સાથે જ જિલ્લા અને તાલુકા તંત્ર હરકતમાં આવી ગયું હતું અને તાત્કાલિક આ પાણીના કારણે અસરગ્રસ્ત પાંચ ગામો જેમાં ગંભીરપુર, સલાટપુર, માધવગઢ, ગુલાબની મુવાડી અને ઉમેદની મુવાડી સહિતના ૧૫ ગામોને એલર્ટ કરાયા હતા. ત્યારબાદ શનિવારે સવારે વરસાદે વિરામ લેતા ૮ વાગ્યાના સુમારે આ નાની સિંચાઈ યોજનાના તળાવને બીજી તરફથી જેસીબી મશીન દ્વારા વહેણ બદલવામાં આવતા હાલ આ ઘાત ટળી જવા પામી હતી તો બીજી તરફ શુક્રવારે રાત્રિના સમયે પડેલ વધુ વરસાદને કારણે સવારના સમયે તલોદ તાલુકાના જ જવાનપુરા ગામ નજીક બ્રીજનો એક છેડો ધોવાઈ ગયો છે તેવા સમાચાર તલોદ મામલતદારને મળતા જ તંત્ર તાત્કાલિક ધોવાણ થયેલ સ્થળ પર પહોંચ્યું હતું અને મેટલ નાખી ધોવાણ અટકાવવાની કામગીરી કરી હતી.

વિજયનગર પોળોના જંગલમાં મામરેચી કેનાલ સામેના ધરામાં બે યુવાનોનું ડૂબતા મોત

હિંમતનગર, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના વિજયનગરના અભાપુર પોળો કેમ્પ સાઈટ વિસ્તારમાં રવિવારે બપોરના સુમારે વડાલી તાલુકાના ત્રણ મિત્રો પોતાની બાઈક લઈને પ્રવાસે આવ્યા હતા જે ત્રણે મિત્રો મામરેચી મંદિર નજીકના ધરામાં નાહવા પડ્યા હતા જેમાં બે મિત્રોના ડૂબી જતા મોત નીપજ્યા હતા. જ્યારે એક મિત્રને પ્રવાસીઓએ બચાવી લીધો હતો બનાવ અંગે વિજયનગર પોલીસમથકે જાણ થતા પોલીસ ઘટના સ્થળે આવીને બંને લાશોને બહાર કાઢી વિજયનગર સરકારી દવાખાને પોસ્ટમોર્ટમ માટે ખસેડી હતી અને અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

વિગત મુજબ વડાલીના કૃષ્ણપાલસિંહ નરેન્દ્રસિંહ હાડા, યુવરાજસિંહ ધર્મેન્દ્રસિંહ હડીયોલ અને કંજેલી કમ્પાના પ્રસાંત દિનેશભાઈ પટેલ ત્રણે મિત્રો રવિવારે સવારે વડાલીથી પોતાની બાઈક લઈ વિજયનગરના ગયા હતા. દરમિયાન બપોરના સવા વાગેના સમયે ત્રણે મિત્રો અભાપુર પોળો કેમ્પ સાઈટથી થોડેક દૂર આવેલ મામરેચી કેનાલ અને સૂર્યમંદિર સામેના હરણાવ નદીના ધરામાં નાહવા પડ્યા હતા. દરમ્યાન કૃષ્ણપાલસિંહ નરેન્દ્રસિંહ હાડા અને પ્રશાંત દિનેશભાઈ પટેલ બંને ડૂબી ગયા હતા અને યુવરાજસિંહ ધર્મેન્દ્રસિંહ હડીયોલને આવેલા પ્રવાસીઓએ બચાવી લીધો હતો બનાવ અંગે વિજયનગર પોલીસમથકે જાણ થતા પોલીસે સ્થળ પર પહોંચી બંને લાશોને બહાર કાઢી વિજયનગર સરકારી દવાખાને પોસ્ટમોર્ટમ માટે ખસેડી હતી અને યુવરાજસિંહ ધર્મેન્દ્રસિંહ હડીયોલની જાણના આધારે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ભિલોડાના રાજેન્દ્રનગર ગામેથી બાર ફુટ લાંબો અજગર પકડાયો

હિંમતનગર, તા.૪

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના રાજેન્દ્રનગર ગામે રવિવારના રોજ એક ખેતરમાં સેઢા પાસેથી બાર ફૂટના અજગરે દેખા દેતા લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો આ અજગરને વનવિભાગ ખાતાએ પકડી જંગલમાં છોડી મુકવામાં આવ્યો હોવાનું સુત્રો દ્વારા જાણવા મળે છે.

જંગલ ખાતાના અધિકારી સિધ્ધાર્થભાઈ ચૌધરી તથા આર.એમ. પરમારે જણાવ્યા મુજબ રાજેન્દ્ર ગામે આવેલ પટેલ કાન્તિભાઈના ખેતરમાંથી સેઢા પાસેથી રવિવારના રોજ ૧૨ ફૂટથી વધુ લાંબો અજગર નજરે પડયો હતો. આસપાસના વિસ્તારમાં ફફડાટ વ્યાપી ગયો હતો. આ વિસ્તારમાં છેલ્લા કેટલાય સમયથી અજગર ગામમાં બે ત્રણ પશુનું મરણ કર્યું હોવાનું જાણવા મળે છે. આ અંગે રાજેન્દ્રનગરના કાન્તિભાઈ પટેલે ભિલોડાના વનવિભાગને જાણ કરતા કર્મચારીઓએ રવિવારે ઘટના સ્થળે આવી બે કલાકની ભારે જહેમત બાદ આ મહાકાય લાંબા અજગરને પકડી નજીકના જંગલમાં સુરક્ષિત છોડી મુકવામાં આવ્યા બાદ ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601